**નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત 'Assistance for Startups/Innovation' યોજના અન્વયે માન.અધિક મુખ્ય સચિવશ્રી(ઉદ્યોગ અને ખાણ વિભાગ)ના અધ્યક્ષસ્થાને તા.૦૪/૦૯/૨૦૧૫ના રોજ ૧૧.૦૦ કલાકે યોજાયેલ રાજયકક્ષાની સમિતિની પ્રથમ બેઠકની કાર્યવાહી નોંધઃ-**

નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ના તા.૨૭/૦૧/૨૦૧૫ના ઠરાવ મુજબ 'Assistance for Startups/Innovation' યોજના માટે SLIC ના અધ્યક્ષ માન.અધિક મુખ્ય સચિવશ્રીની અ ધ્યક્ષતામાં રાજયકક્ષાની સમિતિની પ્રથમ બેઠક તા. ૦૪/૦૯/૨૦૧૫ના રોજ ઇન્ડેક્ષ્ટ-બીના કોન્ફરન્સ હૉલ ખાતે ૧૧.૦૦ કલાકે મળેલ હતી.

આ બેઠકમાં નીચે જણાવેલ સભ્ય/શ્રી/આમંત્રિતશ્રીઓ હાજર રહેલ હતાં.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અરવિંદ અગ્રવાલ(IAS) | અધ્યક્ષશ્રી | અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર |
| ૨ | શ્રીમતી મમતા વર્મા , IAS | સભ્ય શ્રી | ઉદ્યોગ કમિશનરશ્રી , ઉદ્યોગ કમિશ્નરની કચેરી , ગાંધીનગર |
| ૩ | શ્રી હર્બર્ટ ક્રીશ્ચીયન | સભ્ય શ્રી | નાણાકીય સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર. |
| ૪ | શ્રી એ. એમ. માંકડ | સભ્ય શ્રી | કમિશનરશ્રી, ટેક્નિકલ એજ્યુકેશન કમિશ્નરની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર |
| ૫ | શ્રી બી એસ મહેતા | સભ્ય શ્રી | નાયબ સચિવશ્રી , ઉદ્યોગ અને ખાણ વિભાગ , ગાંધીનગર. |
| ૬ | શ્રી એચ.ડી.શ્રીમાળી | સભ્ય સચિવ શ્રી | અધિક ઉદ્યોગ કમિશનરશ્રી(વિસ્તરણ) , ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર |
| ૭ | શ્રી ડી.એમ. પરીખ | - | સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી(સોલ્ટ-ટેક્ષ), ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર |
| ૮ | શ્રી સુનિલ પારેખ | ખાસ આમંત્રિત | એડવાઇઝર, ઝાઇડસ-કેડિલા, અમદાવાદ |
| ૯ | શ્રી પરેશ વોરા | ખાસ આમંત્રિત | હેડ-ક્વોલિટી એસ્યુરન્સ, અમદાવદ યુનિવર્સિટી, અમદાવાદ |
| ૧૦ | શ્રી નરેશ જાડેજા | આમંત્રિત | ડેપ્યુટી ડાયરેક્ટર, જી.ટી.યુ., ચાંદખેડા |
| ૧૧ | શ્રી આનંદ પાંડે | આમંત્રિત | આસિસ્ટન્ટ મેનેજર, આઇ.આઇ.ટી.-ગાંધીનગર, ચાંદખેડા |
| ૧૨ | શ્રી મનિષ ગુપ્તા | આમંત્રિત | પ્રોફેસર, DAIICT, ગાંધીનગર |
| ૧૩ | શ્રી એન. એમ. ત્રિવેદી | આમંત્રિત | સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી(પ્રોત્સાહન), ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર |

બેઠકની શરૂઆતમાં ઉદ્યોગ કમિશ્નરશ્રીએ માન. અધ્યક્ષશ્રી અને અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.) તેમજ સર્વે સભ્યો અને આમંત્રિતશ્રીઓને આવકાર્યા તેમજ સ્ટાર્ટઅપ યોજના અંગે અગાઉ થયેલ સેમિનારની વિગતો આપી.

ત્યારબાદ માન. અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી. તેમજ સ્ટાર્ટઅપ પૉલિસી બાબતે જુલાઇ માસમાં યોજાયેલ ચિંતન શિબિરમાં પણ ખૂબ જ વિગતવાર ચર્ચા થયેલ હોવાનું જણાવેલ. સદર પ્રથમ બેઠક હોવાથી તમામ ઉપસ્થિત સભ્યશ્રી/આમંત્રિતશ્રીઓએ પોતાનો પરિચય આપ્યો.

**એજન્ડાઃઅ-૧** માન. ઉદ્યોગ કમિશ્નરશ્રી દ્વારા એજન્ડા મુજબ બેઠકમાં કાર્યવાહી કરવા જણાવતાં અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી(વિસ્તરણ) દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરી ઉપસ્થિત સૌ સભ્યો/આમંત્રિતશ્રીઓને સ્ટાર્ટઅપ યોજનાની જાણકારી આપી.વિવિધ તબક્કે રજુઆતો થઇ છે કે આ યોજનામાં સર્વિસ સેક્ટરનો સમાવેશ કરવો જોઇએ. તે અંગે ઉદ્યોગ કમિશનરશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યુ કે સ્ટાર્ટઅપ્સ/ઇનોવેશન યોજના પ્રથમ દ્રષ્ટિએ જોતાં મેન્યુફેકચરીંગ સેકટરને લગતી હોય તેવી જણાય છે.પરંતુ યોજનાની ઇનોવેટીવ પ્રોડકટસ ને લગતી વ્યાખ્યા જોતાં તેમાં પ્રોડકટસ , પ્રોસેસ અને સર્વીસીસનો સમાવેશ થાય છે તે અંગે સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી. તે અંગે સમિતિ ના સભ્યોએ પણ અનુમોદન આપ્યુ. આ યોજના અન્વયે નાણાંકીય સહાયના મુદ્દે ચર્ચા થતાં ઉદ્યોગ કમિશ્નરશ્રીએ, નીચે મુજબ સ્પષ્ટતા કરી

- રૂ.૧૦,૦૦૦/- ની સહાય પ્રતિ પ્રોજેક્ટ Sustenance allowance તરીકે,
- રૂ.પ લાખની Mentor serviceની સહાય પ્રતિ નોડલ ઇન્સ્ટીટ્યુટને,
- રૂ.૧૦ લાખની Raw Material/equipments costની સહાય પ્રતિ પ્રોજેક્ટ કે પ્રતિ નોડલ ઇન્સ્ટીટ્યુટ તે સ્પષ્ટ નથી. આ સહાય અંગે જે મુજબ નિર્ણય લેવાય તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી સુનિલ પારેખે જણાવ્યું કે જ્યારે ઈનોવેશન પ્રોડક્ટ આધારીત હોય ત્યારે ઈનોવેટરે પ્રોટો-ટાઈપ માટે , સર્વીસ ભાડે કરવા માટે , કલાઉડ કમ્યુટીંગ સેવાઓ માટે , માર્કેટીંગ રીસર્ચ માટે તેમજ ઈ-બુક્સના લવાજમ માટે ખર્ચ કરવા પડતા હોય છે તેથી આવા ખર્ચની જોગવાઈ હોવી જોઈએ તથા સર્વિસ સેક્ટર માટે સહાય અંગે પણ સમિતિના સર્વે સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ અંગે કઇ કઇ સેવાકીય પ્રવૃતિઓ માટેનો ખર્ચ આવરી લઇ શકાય તે માટે નોડલ ઇન્સ્ટીટ્યુટ પાસેથી તે અંગેની માહિતી મંગાવવાનું નક્કી થયુ. ચર્ચાને અંતે અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.) એ તે માટે GR માં પેરા નં.-૩.૧(ઇ)માં ઉમેરવાનો નિર્ણય લઇ વિભાગને દરખાસ્ત કરવાનું નક્કી થયું.

ત્યારબાદ પ્રેઝન્ટેશન દરમ્યાન નોડલ ઇન્સ્ટીટ્યુટએ કયા પ્રોજેક્ટ્સને સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહિત તથા ભલામણ કરવા અંગેની ચર્ચા થતાં નોડલ ઇન્સ્ટીટ્યુટ તે માટે પોતાને ત્યાં સબ-કમિટીની રચના કરે અને સંપૂર્ણ વિગનો સહિતની દરખાસ્ત તૈયાર કરશે તવું સૂચન થયેલ.

ત્યારબાદ પ્રેઝન્ટેશનમાં સ્ટાર્ટઅપ સ્કીમ અંગે અન્ય મુદ્દાઓ ટૂંકમાં આવરી લઇ કમિટી દ્વારા આગળની કાર્યવાહી થવા સૂચન થયુ.

**એજન્ડાઃ૬-૨** યોજનાની માહિતી અંતર્ગત યોજનાનો GR, એપ્લિકેશન ફોર્મ, ડોક્યુમેન્ટસનું ચેકલીસ્ટ, યોજનાની ગાઇડલાઇન્સ, યોજનાને સંલગ્ન FAQsની માહિતીથી સૌ સભ્યોશ્રી/આમંત્રિતશ્રીઓને માહિતગાર કરેલ. જેને સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવ્યા.

**એજન્ડા:-૩- માન. ઉદ્યોગ કમિશ્નરશ્રી દ્વારા યોજના અન્વયે નોડલ ઇન્સ્ટીટ્યુટ અને યોજના અન્વયેના યોગ્યતાના ધારાધોરણ નક્કી કરવા તજજ્ઞોના તથા આમંત્રિતોના સુચનો અંગે વિગતવાર ચર્ચા કરેલ.**

- ચર્ચા કર્યા બાદ નોડલ ઇન્સ્ટીટ્યુટના યોગ્યતાના ધારાધોરણ અંગે નીચે પ્રમાણેની યોગ્યતા રાખવાનું માન્ય રાખેલ છે.

૧. સૌ પ્રથમ Nodal Instituteની વ્યાખ્યા બાબતે ઠરાવની જોગવાઇ અંગે સૌ સભ્યોએ સંમતિ આપી.

૨. નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકે કોઇપણ પ્રાઇવેટ સેક્ટર કંપની , પબ્લીક સેક્ટર કંપની , ઇન્ડસ્ટ્રીઝ એસોશિયેશન(જેવા કે, CII, FICCI, GCCI, GESIA, IDMA, NASCON, etc.), એકેડમિક ઇસ્ટીટ્યુશન, ગવર્મેન્ટ ડીપાર્ટમેન્ટ અથવા ISRO જેવી એજન્સી તેમજ વોલન્ટરી ઓર્ગેનાઇઝેશન જેવી સંસ્થાઓને પણ નોડલ ઇન્સટીટ્યુટ તરીકે માન્યતા આપી શકશે પરંતુ તે માટે યોગ્ય સુવિધા હોવી અનિવાર્ય છે.

3. નોડલ ઇન્સટીટ્યુટમાં ઇન્ફ્રાસ્ટક્ચર ફેસિલિટી પ્રોવાઇડ કરવા બાબતે નીચે જણાવ્યા અનુસાર લઘુત્તમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોવું જોઇએ તેમ નિયત થયું.

- ઇનોવેટરસ માટે ૨૦ બેઠકની અલગથી જગ્યા હોવી જોઇએ.
- સંસ્થા પાસે ૨૫૦૦ સ્કવેર ફીટ જગ્યા હોવી જરૂરી છે.
- તમામ રજાઓ તથા ઓફિસ-અવર પછીના સમય સાથે પ્રતિદિન ઓછામાં-ઓછા ૧૬ કલાક વર્કિંગ-અવરની ઉપલબ્ધિ.
- નોડલ ઇન્સટીટ્યુટમાં કૉમન મિટીંગ રૂમ , વર્કશોપ-સેમિનાર માટે હૉલ, કૉમ્પ્યુટરસ, ઇન્ટરનેટ નેટવર્ક, ઑડીઓ વિઝ્યુઅલ, કોન્ફરન્સ ફેસિલિટી, વગેરે ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં જરૂરી હોવાનું નક્કી થયું.
- ઇન્સ્ટીટ્યુટની નાણાંકીય સધ્ધરતા હોવી જરૂરી.
- પ્રોજેક્ટ સંબંધિત મશીનરી/ઈક્વીપમેન્ટ્સ/આંતર માળખાકીય સુવિધાઓ.
- જે-તે સંબંધિત ક્ષેત્રની નિપણુંતા.
- છેલ્લા બે-ત્રણ વર્ષથી સંસ્થા આ ક્ષેત્રમાં સંકળાયેલી હોવી જોઈએ.

૪. ઇન્ક્યુબેટરમાં ઓછામાં-ઓછા બે ફૂલ ટાઈમ મેનેજરની નિયુક્તિ કરવી. જે રીસર્ચ/ઇનોવેશન-ગાઇડન્સ માટે સર્ટીફાઇડ હોવા જોઇએ, ન હોય તો એક વર્ષના સમયગાળામાં સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે.

૫. ઇકો-સિસ્ટમ માટે Startup Ecosystem Development Committee રચવા અંગેના સૂચન માટે અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.)એ તેની ચર્ચા અંગે અલગથી વિચારણા કરવાનું સૂચન કર્યું.

**એજન્ડા:-૪ બે યુનિવર્સિટીના ડીનને કમિટીમાં આમંત્રિત સભ્ય તરીકે નીમવા બાબતે ચર્ચા થતા નીચે મુજબ ચાર યુનિના પ્રતિનીધીને આમંત્રીત તરીકે આમંત્રીત કરવાનું નક્કી થયુ.**

૧)શ્રી પરેશ વોરા,અમદાવાદ યુનિ.

૨) શ્રી નરેશ જાડેજા(જી.ટી.યુ.),

3) શ્રી મનિષ ગુપ્તા(DAIICT),

૪) શ્રી આનંદ પાંડે(IIT,Gandhinagar)

**એજન્ડા:-૧ સ્ટાર્ટઅપ/ઇનોવેશનની યોજનાને પ્રોત્સાહન આપવા બાબતે તમામ ઉપસ્થિત સભ્યશ્રીઓને અધિક મુખ્ય સચિવશ્રી તથા ઉદ્યોગ કમિશ્નરશ્રી દ્વારા સદર યોજનાનો બહોળો પ્રચાર કરવા તથા યોજનાને પ્રોત્સાહન આપવા નોડલ ઇન્સ્ટીટ્યુટનો રોલ મહત્વનો હોવાનું જણાવેલ તથા સ્કીમને વેગ આપવા તુરંત પ્રયાસો કરવા જણાવ્યું. તેમજ આર્થિક રીતે પછાત હોય તેવા નાનામાં નાના ઇનોવેટરને પણ Incubatorની સુવિધા મળી શકે તેવા પ્રયાસો કરવા જણાવ્યું. જેથી સદર યોજનાનો લાભ સમાજના નાનામાં નાના વ્યક્તિ સુધી પહોંચી શકે.**

**<u>એજન્ડાઃય-૬</u> ટેક્નિકલ વિષયના તજજ્ઞ તરીકે શ્રીસુનિલભાઇ પારેખને કાયમી આમંત્રિત સભ્ય તરીકે સમાવવા બાબતે સંમતિ આપવામાં આવી.**

સદર યોજના જાન્યુઆરી-૧૫માં જાહેર થયા બાદ નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકે માન્યતા આપવા અત્રે મળેલ કુલ બાર અરજીઓ પૈકી નીચે દર્શાવેલ સંસ્થાઓને નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકે માન્ય રાખવા સર્વે ઉપસ્થિત સભ્યોશ્રીએ સંમતિ આપી.

**૧. GTU, ચાંદખેડા, અમદાવાદ**

**૨. MICA, અમદાવાદ**

**3. CIIE-IIMA, વસ્ત્રાપુર, અમદાવાદ**

**૪. અમદાવાદ યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ**

**૫. IIT-ગાંધીનગર, ચાંદખેડા, અમદાવાદ**

DAIICT, ગાંધીનગર, **એલ.** જે. કોલેજ , પી.ડી.પી.યુ. અને અન્ય ઇન્સ્ટીટ્યુટસની નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકેની દરખાસ્ત સંબંધે શું સગવડતા ઉપલબ્ધ છે તેની માહિતી મેળવી જરૂરી ચકાસણી કર્યા બાદ માન્યતા આપવા અંગેનો નિર્ણય લેવાનું નક્કી થયું.

અંતમાં કોઇ ચર્ચા બાકી ન રહેતાં ઉદ્યોગ કમિશ્નરશ્રીએ કમિટીનાં અધ્યક્ષ અને અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.) નો આભાર માન્યો. અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા પણ સૌ સભ્યોનો આભાર માનવામાં આવ્યો તથા દર માસે બેઠક બોલાવવાનું સૂચન કરી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

| | | |
|---|---|---|
| Sd/- | Sd/- | Sd/- |
| સભ્ય્ સચિવ અને | ઉદ્યોગ કમિશ્નરશ્રી | અધ્યક્ષશ્રી અને |
| અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી(વિસ્તરણ) | | માન.અધિક મુખ્ય સચિવશ્રી |
| | | (ઉદ્યોગ અને ખાણ વિભાગ) |